ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**અશ્વિન કે વ્યાસ (કૂકર)**
પત્રકાર, અકિલા
પૂર્વ કોર્પોરેટર, મનપા
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



**સ્તુતિ નિલેશ પટેલ**
મો. ૯૯૭૪૧ ૦૩૭૪૧



**મોહિત કનુભાઈ પટેલ**
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## કાવ્યરસ કાર્યક્રમમાં રવિવારે ભરત કવિ 'ઊર્મિલ'ની મુલાકાત




ગાંધીનગર, તા. ૧૩

જીટીપીએલ ચેનલ (૬૦૯) દ્વારા ચાલતા કાવ્યરસ કાર્યક્રમ અંતર્ગત આગામી રવિવારે ગાંધીનગરના સાહિત્યકાર ભરત કવિ 'ઊર્મિલ'ની મુલાકાત પ્રસારિત કરવામાં આવી રહી છે.

કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા નિર્મિત આ કાર્યક્રમ નવા અને જૂના એમ બંને પ્રકારના કવિઓ સાથે ખુલીને વાત કરે છે. આ કાર્યક્રમનો ૬૪મો એપિસોડ તા. ૧૫ ઓક્ટોબર ને રવિવારના રોજ સવારે ૯ કલાકે પ્રસારિત થઈ રહ્યો છે, જેમાં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ અને પાટનગર પ્રકાશ સાપ્તાહિકના તંત્રી ભરત કવિની મુલાકાત દર્શાવવામાં આવશે. ભરત કવિની કવિતાનો આસ્વાદ પણ કાર્યક્રમ અંતર્ગત કરવાની તક રસજ્ઞોને પ્રાપ્ત થશે.

### માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં

# 'ફૂડ વિધાઉટ ફાયર' પ્રયોગ





માઉન્ટ કાર્મેલ પટાંગણમાં બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત કરવાના હેતુસર એક નવિન પહેલ કરવામાં આવી હતી. સ્કૂલમાં 'ફૂડ વિધાઉટ ફાયર' - એક જિજ્ઞાષા પ્રેરીત આયોજન દ્વારા બાળકોએ રંગબેરંગી વાનગીઓ સામૂહિક રીતે તૈયાર કરી હતી. અવનવા સલાડ, ચટનીપૂરી, પાનીપૂરી, ભેળ, ફ્રૂટ સલાડ, ફ્રેન્કી, ખારી-મોનેકો પૂરી અને અવનવા સ્વાદ પ્રસ્તુત કરાયા હતા. બાળકોએ ખૂબ જ આનંદ અને ઉલ્લાસ સાથે ભેગા મળીને ખાધું અને ખવડાવ્યું, સાથે સાથે સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું હતું. આ નવિન પહેલના પ્રેરણાસ્ત્રોત શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાએ સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકોને આ વિશિષ્ટ ઉજવણી બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે વાલી મિલન કાર્યક્રમ





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજની બીએ અને એમએની વિદ્યાર્થીનીઓનાં વાલીઓ સાથે મિલનનું આયોજન કૉલેજ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીના શિક્ષણ માટે શિક્ષક, વાલી, વિદ્યાર્થી અને સંચાલક એ સીધી લીટીના અસરકારક પરિબળો સાથે મળીને સહચિંતન કરે તો શિક્ષણમાં રહેલી ત્રુટિઓને દૂર કરી શકાય છે એ હેતુને ધ્યાને રાખી આ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી અને નિવૃત્ત પ્રિન્સિપાલ રણછોડભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વાલીઓને સાંભળ્યા હતા. પ્રિન્સિપાલ ઊર્મિલાબેન ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું, પેરેન્ટ્સ એસોસિએશનના કન્વીનર ડો. એન કે પટેલે આ કાર્યક્રમની પ્રસ્તાવના બાંધી આપી હતી. નેક કન્વીનર ડૉ. રાકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. કાર્યક્રમ સંચાલન ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે સમગ્ર વર્ષનો અહેવાલ પણ રજૂ કર્યો હતો.

### શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર દ્વારા

# વ્યસન મુક્તિ અને સત્સંગ શિબિર





શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં તેમજ જિલ્લા કલેક્ટર એસ કે લાંગાના મુખ્ય અતિથિ પદે શ્રી સ્વામીનારાયણ મંદિર, વ્યસનમુક્તિ કેન્દ્ર, વાઘજીપુરનો ૪૨મો પાટોત્સવ તેમજ મોરડુંગરા વ્યસન મુક્તિ કેન્દ્રના પાટોત્સવ સહિત પાંચ દિવસીય વ્યસન મુક્તિ શિબિર અને સત્સંગ શિબિર તાજેતરમાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે મનુષ્યનું કર્તવ્ય કર્મોથી ચલાયમાન થઈ અને અંધશ્રદ્ધા, વહેમ, વ્યસનો આદિ દુરાચારમાં ફસાઈ જાય છે. એનું કારણ મનુષ્યને સાચા સત્સંગનો યોગ થયો નથી. હાલના ટેકનોલોજીના ઈન્ટરનેટ યુગમાં અનેક આશ્ચર્ય પમાડે તેવી શોધખોળ થઈ રહી છે. પણ મનુષ્યને સાચા અર્થમાં માનવ બનાવવા માટે એક જ અદભૂત ટેકનોલોજી છે તે છે સત્સંગ. મનુષ્ય જો દિલથી સત્સંગ સ્વીકારે તો તે ચોક્કસ અનેક પ્રકારનાં દૂષણોથી પોતાની જાતને બચાવી શકે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે આટલા મોટા અને તે પણ અંતરિયાળ વિસ્તારમાં વ્યસન મુક્તિની ઝૂંબેશ ખરેખર પ્રશંસાને પાત્ર છે. અને એ હકીકત છે કે નિર્વ્યસની સમૂહ જ સદપ્રવૃત્તિ તરફ વળેલો જોવા મળે છે. સાચા સંતો જ ધર્મ શુદ્ધિકરણ કાર્ય કરી રહ્યા છે. આ પ્રસંગે માનવસેવા અભિગમ અંતર્ગત ૮૭૦૦ નંગ સિલાઈ મશીન જરૂરિયાતમંદ બહેનોને વિતરણ કરવાયાં હતાં. ઉપરાંત સ્કોલરશીપ તથા સ્ટેશનરીનું વિતરણ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

### ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન

# યુવક મહોત્સવમાં ચૌધરી આટ્ર્સ કૉલેજ ઝળકી

## મોહસિના મલેક ઓન ધ સ્પોટ પેઈન્ટીંગમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે પસંદગી પામ્યાં

ગાંધીનગર, તા. ૧૩

પ્રેસિડેન્ટ કોલેજ, ઘાટલોડિયા, અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત સાઉથ ઝોન યુવક મહોત્સવ તાજેતરમાં યોજાયો હતો, જેમાં શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજની વિદ્યાર્થીની મોહસિના મલેક ઓન ધ સ્પોટ પેઈન્ટીંગમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે પસંદગી પામ્યાં છે.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના સર્વ હોદ્દેદારો અને કૉલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ આ વિદ્યાર્થીનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. યુવક મહોત્સવ માટે સાંસ્કૃતિક સમિતિનાં કન્વીનર ડૉ. લીના સ્વાદિયા અને યુવક મહોત્સવ પ્રવૃત્તિનાં કન્વીનર ડૉ. એન કે પટેલે આ વિદ્યાર્થીનીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન ૨૦૧૭માં આર એન પટેલ પ્રાથમિક શાળાનો પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ પસંદ



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના અમરાપુરા બુનિયાદી કન્યા વિદ્યાલય ગ્રામ ભારતી ખાતે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાં ગાંધીનગર શહેરની આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા હેલ્થ ફૂડ હાઈજીન અને ન્યુટ્રીશિયન વિભાગમાં ફાસ્ટ ફૂડ એન્ડ ફેક્ટ વિશે પ્રોજેક્ટ રજૂ કરાયો હતો. આ પ્રૉજેક્ટની રાજ્યકક્ષાએ પસંદગી કરવામાં આવી હતી. આ બાળ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭માં આર એન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શહેરના રેસ્ટોરન્ટ અને ફાસ્ટફૂડ સ્ટોલની મુલાકાત લઈ સ્વાસ્થ્યને વિપરીત અસરકર્તા પરીબળો અને ખાદ્ય રસાયણ, કોલ્ડ સ્ટોરેજના વધુ પડતા ઉપયોગથી સ્વાસ્થ્ય પર ગંભીર અસરોનાં કારણો તેમજ નિવારણ ઉપર ઘનિષ્ટ કામગીરી કરી હતી.

આ પ્રૉજેક્ટમાં શાળાના વિદ્યાર્થી મોહિબઅહેમદ બી અંસારી (ટીમ લીડર), હેત આર પ્રજાપતિ, યામી ડી ચૌધરી, હેલી એચ સુથાર, હર્ષ એમ ઠક્કર અને માર્ગદર્શક શિક્ષિકાબેન પારૂલબેન અશોકકુમાર પટેલ દ્વારા પ્રૉજેક્ટને અનુરૂપ જહેમત ઊઠાવી સુંદર પ્રૉજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

શાળા પરિવાર વતી આચાર્યએ વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષક પારૂલબેન પટેલને અભિનંદન અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# સરકારી હસ્તક્ષેપ સામે ખાનગી સ્કૂલોએ કાળો દિવસ મનાવ્યો

## કાળા વસ્ત્રો, સ્કૂલ ગેટ-બસ પર કાળા ધ્વજ લગાવાયા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યની ખાનગી સ્કૂલોમાં સરકારના હસ્તક્ષેપ સામે ગુરૂવારે અમદાવાદ શહેરની પ્રતિષ્ઠીત સ્કૂલો સહિત અનેક ખાનગી સ્કૂલોમાં 'કાળો દિવસ' મનાવવામાં આવ્યો હતો. જેના પગલે સ્કૂલબસ પર કાળા ધ્વજ ફરકાવાયા તો સ્કૂલના ગેટ પર પણ કાળા ધ્વજ લગાવાયા. સ્કૂલમાં સ્ટાફે હાથમાં કાળી રિબીન બાંધી ખાનગી સ્કૂલોમાં વધી રહેલા સરકારના હસ્તક્ષેપનો વિરોધ કર્યો હતો. રાજ્યની ખાનગી સ્કૂલોમાં સરકારના હસ્તક્ષેપ વધી રહ્યો હોવાનું લાગતા ખાનગી સ્કૂલોએ સરકાર સામે વિરોધ કરવા ગુરૂવારે કાળો દિવસ મનાવવાનું નક્કી કર્યુ હતું. જેના ભાગરૂપે શહેરની પ્રતિષ્ઠીત ખાનગી સ્કૂલો સહિત મોટાભાગની ખાનગી સ્કૂલોમાં કાળો દિવસ મનાવાયો હતો. સરકાર દ્વારા ફી નિયમન વિધેયક લાવીને ખાનગી સ્કૂલો પર લગામ કસી છે. ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ, વિદ્યાર્થીઓની સુરક્ષા અને કર્મચારીઓના ચારિત્ર્યની ચકાસણી, શિક્ષકોના પગાર, સ્કૂલમાંથી થતા વેચાણ સહિતના મુદ્દે સરકારનો હસ્તક્ષેપ વધ્યો હોવાનું જણાવી ખાનગી સ્કૂલોએ કાળો દિવસ મનાવ્યો હતો.

સવારે સ્કૂલો બસો વિદ્યાર્થીઓને લેવા માટે ગઈ ત્યારે બસ પર કાળા ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા. ઉપરાંત સ્કૂલના ગેટ પર પણ કાળા ધ્વજ લગાવાયા હતા. સ્કૂલમાં આવેલા તમામ સ્ટાફ પણ સરકારના હસ્તક્ષેપના વિરોધમાં કાળી પટ્ટી ધારણ કરીને આવ્યા હતા. આમ, ખાનગી સ્કૂલો દ્વારા કાળા દિવસ મનાવવાની જાહેરાતને તમામ સ્કૂલોએ મળી સફળ બનાવ્યો હતો.

# જીટીયુના માસ કોપીંગ કેસમાં ડીબાર સામેનો સ્ટે ઊઠાવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ટેકનોલોજિકલ યુનિ. (જીટીયુ)ના માસ કોપિંગનો મામલો ફરી હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થયો છે. આ મામલે અગાઉ ર્ દ્વારા વિદ્યાર્થીઓને ડીબાર (હકાલપટ્ટી) કરતા નિર્ણય સામે વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં અરજી કરીને સ્ટે ઓર્ડર મેળવ્યો હતો. જેની સામે અપીલ થતાં હાઈકોર્ટની ચીફ જસ્ટિસની ખંડપીઠે સ્ટે ઓર્ડર દૂર કર્યો છે. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા માસ કોપિંગ કરાવવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ સમગ્ર મામલે જીટીયુએ તપાસ કરી પગલા લીધાં હતાં.

આ સમગ્ર પ્રકરણની હકીકત એવી છે કે,'વિરમગામને કે.પી. ઠક્કર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા માસ કોપિંગ કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓએ લખેલા પ્રશ્નો એક સરખા જ હતા. એટલું જ નહી પણ પ્રશ્ન લખ્યા બાદ થયેલી ભુલો પણ એક સરખી જ હતી. આ સ્થિતિમાં જીટીયુ દ્વારા સમગ્ર પ્રકરણમાં તપાસ કરવામાં આવી હતી. જે તપાસ બાદ તંત્રએ આ ૧૦૦ વિદ્યાર્થીઓને ડીબાર કરવાનો નિર્ણય લીધો હતો. તેમજ પગલા લેવામાં આવ્યા હતા.'

ત્યારબાદ જાડેજા ગોપાલસિંહ બળવંતસિંહ અને કુમાર અલ્કેશ નામના બે વિદ્યાર્થીઓ દ્વારા હાઈકોર્ટ સમક્ષ જીટીયુનો નિર્ણય પડકારાયો હતો. જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે,'જીટીયુનો નિર્ણય અયોગ્ય છે. તેમને સાંભળવામાં આવવા જોઈએ. જે બાબતને ધ્યાને લઈ હાઈકોર્ટની સિંગલ બેચેં વિદ્યાર્થીઓને ડીબાર કરવાના નિર્ણય સામે સ્ટે આપ્યો હતો. જીટીયુ દ્વારા હાઈકોર્ટની સિંગલ બેચના સ્ટે સામે ડિવિઝન બેંચમાં પિટિશન કરી હતી. જે કેસમાં સિંગલ બેંચના સ્ટે સામે ડિવિઝન બેંચે સ્ટે આપી દીધો છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે,'પરીક્ષામાં આ રીતે સામુહિક કોપીની ઘટના ક્યારેય ચલાવી શકાય નહીં.' આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. સુનાવણી દરમિયાન જીટીયુ તરફથી એડવોકેટની રજૂઆત હતી કે,'જીટીયુ સાથે સંકળાયેલી એક એન્જિનિયરિંગ કોલેજમાં થોડા સમય પહેલાં પરીક્ષામાં સામુહિક કોપી કરવાની ઘટના બની હતી. જેમાં, ૧૦૦ વિદ્યાર્થીઓના નામ બહાર આવ્યા હતા.










આગામી રિપબ્લિક ડે પરેડ માટે રાજ્યના એનસીસી કેડેટ્સની તૈયારીઓ જોવા માટે એનસીસી ગુજરાતના એડિશન ડિરેક્ટર જનરલ મેજર જનરલ સુભાષ શરણ દ્વારા રિવ્યૂ કરવામાં આવ્યો હતો. ઉપરાંત રિપબ્લિક ડે પરેડ માટે કેડેટ્સની પસંદગી કરવા માટે એક ઈન્ટર ગૃપ સ્પર્ધાનું આયોજન પણ લૉ ગાર્ડન એનસીસી કૉમ્પલેક્સ ખાતે કરવામાં આવ્યું હતું.

રાજકોટ, વલ્લભવિદ્યાનગર, અમદાવાદ અને બરોડાના ૩૦૪ જેટલા કેડેટ્સ ડ્રીલથી માંડીને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સુધીની વિવિધ સ્પર્ધાઓમાં જોડાયા હતા. આ કેમ્પના સમાપન પ્રસંગે એક રંગારંગ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત દરેક સ્પર્ધામાં વિજેતા કેડેટ્સને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.